નવી બાબત – ૨૦૧૫-૧૬
અમદાવાદ શહેરમાં મહિલા પોલીસ બેન્ડની રચના અને તે માટે નવી ૧૮ જગ્યાઓ મંજુર કરવા બાબત. (સ્થાયી જગ્યા)

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ
ઠરાવ ક્રમાક : મહક/૧૦૨૦૧૪/૪૩૫૧/સ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : 30 APR 2015

**વચાણે લીધા:–**

(૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરની કચેરીનો તા.૨૧/૧૧/૨૦૧૪ નો પત્ર ક્રમાંક : ઇ/૧૫૩૬/નવી સેવા/૨૦૧૪-૧૫ /૨૪૭૯/૨૦૧૪

(૨) અંદાજપત્ર ૨૦૧૫-૧૬ ના અંદાજપત્ર પ્રકાશન નં.૧૨, પાના.૧૬૧

**ઠરાવ :–**

રાષ્ટ્રીય પર્વ, વી.આઈ.પી. મહાનુભાવોના સ્વાગત કાર્યક્રમો, સામાજીક લગ્ન પ્રસંગે તથા પોલીસ કર્મચારીઓના ઘરે લગ્ન પ્રસંગે તેમજ અન્ય પ્રસંગોમાં તેઓ ખાનગી બેન્ડનો ઉપયોગ કરતા હોય છે. જે બેન્ડ આજના વધુ મોંઘા હોવાના કારણે નાના કર્મચારીઓ બેન્ડનો લાભ લઈ શકતા નથી. વધુમાં અમદાવાદ પોલીસ મુખ્ય મથક ખાતે પોલીસ અમલદારો તથા કર્મચારીઓ માટે પરેડ, પ્લાટુન ડ્રીલ, સ્કર્વોડ ડ્રીલ, ફીઝીકલ ટ્રેનીગ, ૨૬મી જાન્યુઆરી, ૧૫ ઓગસ્ટ જેવા રાષ્ટ્રીય તહેવારો દરમ્યાન તથા વાર્ષિક તપાસણી દરમ્યાન પરેડની તૈયારી કરવા માટે બેન્ડની અતિઆવશ્યકતા છે.

સંદર્ભ(૧)માં દર્શાવેલ તેઓના તા.૨૧/૧૧/૧૪ ના પત્રથી નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ ના અંદાજપત્રમાં અમદાવાદ શહેર માટે મહિલા પોલીસ બેન્ડની ૧૮ જગ્યા મહેકમ મંજુર કરવા દરખાસ્ત કરવામાં આવેલ.

ઉકત દખાસ્ત ઉપર પુખ્ત વિચારણાને અંતે વર્ષ ૨૦૧૫-૧૬ ના અંદાજપત્રમાં નવી સેવા હેઠળ સમાવેશ કરી નીચે દર્શાવેલ વિવિધ સંવર્ગની અમદાવાદ શહેર માટે મહિલા પોલીસ બેન્ડ માટે કુલ-૧૮ જગ્યાઓ ઉભી કરવા માટે રૂા.૩૩,૦૦,૦૦૦/-(અંકે રૂપિયા તેત્રીશ લાખ પુરા)ની જોગવાઈ કરવામાં આવેલ છે અને નીચે દર્શાવ્યા મુજબ અમદાવાદ શહેર માટે મહિલા પોલીસ બેન્ડની ૧૮ જગ્યા મંજુર કરવામાં આવે છે તેમજ વિવિધ સંવર્ગની કુલ-૧૮ જગ્યાઓ તા.૨૯/૨/૨૦૧૬ સુધીની મુદત માટે ઉભી કરવાની અને ભરવાની વહીવટી મંજુરી આથી નીચેની શરતોને આધિન આપવામાં આવે છે.

| ક્રમાંક | જગ્યાનો હોદ્દો | જગ્યાની સંખ્યા | જગ્યાનું પગાર ધોરણ | ગ્રે પે. |
|---|---|---|---|---|
| ૧ | મહિલા હથિયારી એ.એસ.આઈ. | ૩ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૪૦૦ |
| ૨ | મહિલા હથિયારી હેડ કોન્સ્ટેબલ | ૩ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૦૦૦ |
| ૩ | મહિલા હથિયારી પોલીસ કોન્સ્ટેબલ | ૧૨ | ૫૨૦૦-૨૦૨૦૦ ( ફિકસ ૭૮૦૦) | ૧૮૦૦ |
| | કુલ : | ૧૮ | | |

શરતો :–

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષના અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણા વિભાગ ધ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો–વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) વર્ગ–૩ ની જગ્યાઓ ભરતી નિયોમોની જોગવાઈ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણા વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ અને સામાન્ય વહીવટ વિભાગના તા.૪/૬/૨૦૦૯ ના ઠરાવથી અમલી બનેલ ફીકસ પગારની નીતિ અને તેમાં વખતો વખત થયેલ સુધારાઓની જોગવાઈઓ પ્રમાણે ભરવાની રહેશે.

(૮) જે તે જગ્યાઓના પગાર–ધોરણ આર.ઓ.પી. – ૨૦૦૯ પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની જવાબદારી વિભાગની રહેશે.

(૯) સીધી ભરતીથી નિમણુંક પામનાર ઉમેદવારને નિમણુંક મળ્યા બાદ નાણા વિભાગના તા.૧૮/૩/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંક : નપન/૨૦૦૩/જીઓઆઈ/૧૦ (પા.ફા.)ની જોગવાઈ પ્રમાણે રાજય સરકાર ધ્વારા તા.૧/૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે.

(૧૦) આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે વિભાગે જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

(૧૧) આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અને નિયત ભરતી પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

(૧૨) કોમ્પ્યટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઈએ.

(૧૩) રાજય સરકાર ધ્વારા વખતો વખત નિયત કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧૪) આ નવી મંજુર કરેલ જગ્યાઓ જે તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજુરી આપવામાં આવે છે. ત્યાર બાદ જગ્યાઓ વખતો વખત ચાલુ રાખવાની થાય તો વિભાગે જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદત પૂરી થતા પહેલાંના એક માસ અગાઉ નાણાકીય સલાહકારશ્રીને રજુ કકરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજુરી મેળવી લેવાની રહેશે.

આ અંગેનું ખર્ચ નીચે જણાવેલ બજેટ સદર હેઠળ ઉધારવાનું રહેશે અને વર્ષ ૨૦૧૫–૧૬ ની મંજુર થયેલ ગ્રાંટમાંથી મેળવવાનું રહેશે.

"મુખ્ય સદર ૨૦૫૫–પોલીસ, પેટા મુખ્ય સદર : ૦૦ – ગૌણ સદર : ૧૦૯–જીલ્લા પોલીસ, પેટા સદર : ૦૧ – MEP - 6 જિલ્લા પોલીસ ખુદ કોડ નં.૧૧૪૫૦૫" હેઠળ ઉધારવાનો રહેશે.

૬. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પરની અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગના તા.૧૫/૪/૨૦૧૫ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામા આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એ.બી. ગોસાઈ)
સેકશન અધિકારી
ગૃહ વિભાગ

પ્રતિ,

- મહામહિમ રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી,રાજભવન,ગાંધીનગર (પત્ર ધ્વારા)
- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૧,સચિવાલય,ગાંધીનગર
- માન.રાજય કક્ષાના મંત્રીશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી,સચિવાલય ગાંધીનગર
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી,ગુજરાત રાજય;ગાંધીનગર
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી(વહીવટ),ગુજરાત રાજય ,ગાંધીનગર
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી(કાયદો અને વ્યવસ્થા),ગુજરાત રાજય ,ગાંધીનગર
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી(હથિયારી એકમો),ગુજરાત રાજય ,ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી,નાણા વિભાગ,સચિવાલય ગાંધીનગર
- મેનેજીગ ડીરેકટરશ્રી,ગુજરાત પોલીસ હાઉસીગ કોર્પોરેશન,ગુજરાત રાજય,ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી,ગુજરાત રાજય,રાજકોટ/અમદાવાદ
- પેન્શન અને પ્રોવિડંડ ફંડ નિયામકશ્રી, ગાંધીનગર
- પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેર
- નાણા સલાહકારશ્રી(ગૃહ), નાણા વિભાગ,સચિવાલય,ગાંધીનગર
- નાણાં વિભાગ/ઝ.૧-શાખા,સચિવાલય,ગાંધીનગર
- સેકશન અધિકારીશ્રી,બજેટ-શાખા/બ-શાખા/વ-શાખા,ગૃહ વિભાગ સચિવાલય ગાંધીનગર
- શાખા સીલેકટ ફાઈલ
- નાયબ સેકશન અધિકારી સીલેકટ ફાઈલ
- વર્ષ ૨૦૧૫-૧૬ નવી બાબત સીલેકટ ફાઈલ.